સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સારા સંબંધોમાં ખાય માર સોડ બરડામાં લે છે,
પીવડાવી જુલાબનાં નિવેદન મરડામાં લે છે,
ઢસરડામાં લે છે, આર્થિક મંદીનો ભય બતાવી -
સ્વાર્થ સારવા ઓબામા આપણને ભરડામાં લે છે
(ઓબામા ચાલ)

સખી મંડળ,
ચૂંટણી ભંડોળના -
લે છે ગરબા
(સરકારી સાધન)

નબળા પતિ
બાયડી પર શૂરા
મંત્રી - કંકાસ
(બિલાડાં નો ઘૂરકાટ)

હાઈકુ

ચિંતન

નિયોગિ ભિર્વિના રાજ્યં નાસ્તિ ભૂપે હિ કેવલે ।
તસ્માદ્‌ભી વિધાતવ્યા રક્ષિતવ્યાઃ પ્રયત્નતઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' નો આ શ્લોક છે :-

'દૂત, વગેરે વાણીમાં કુશળ માણસો રાજ્યમાં ન હોય અને રાજા એકલો જ બધો વ્યવહાર સંભાળતો તો હોય તો તે રાજ્ય, રાજ્ય રહેતું નથી, માટે રાજાએ પોતાના રાજ્યમાં સારાં, સ્વચ્છ, અને બુધ્ધિમાન માણસોની નિમણૂક કરવી જોઇએ અને તેમને પ્રયત્નપૂર્વક સાચવી તેમનું રક્ષણ પણ કરવું જોઇએ.'

રાજ્યની તિજોરીમાં બચત કરવાનો હેતું નહીં, પણ એવા કહ્યાગરા અધિકારીઓને બોર્ડ-નિગમમાં મૂકી માત્ર પોતાની જ સત્તા ચાલે એવી ગોઠવણ રાજા એટલા માટે કરતો રહે છે જે સરકારી નિયમો-કાયદાને બાજુએ મૂકી ખર્ચ કરવાનો હોય તે બીજાના ખભા પર બંદૂક રાખી ફોડવાથી ઇજા-મુશ્કેલી-તકલીફ થાય તો પણ પેલો કહ્યાગરો અધિકારી જ પીડા વેઠે, (પેન્શન બંધ કે જેલ!)

જ્યાં જ્યાં બોર્ડ-નિગમો કે સ્વતંત્ર નિર્ણય લઇ શકતા અધિકારીઓ મૂકવાના હોય તે જગ્યાઓ ખાલી રહેલાં કોઇ સાહસના કે મોટાં કામ થતાં નથી.

રાજાએ રિક્ત જગ્યાઓ પર પોતાના વિશ્વાસુ, નિષ્ઠાવાન બીજા કાર્યકરોને મૂકી પોતાના કાર્યને વિસ્તરણ સાથે વિકસાવવું જોઇએ. બધામાં 'હું'-'હું' ને 'હું'થી રાજ્ય નાશ પામે છે.

સુવિચાર

- કવિની પ્રતિક્ષા, સતી અનસૂયા જેવી છે, એ ત્રણે કાળને, બ્રહ્મા-વિષ્ણુ અને મહેશની જેમ પોતાને ખોળે રમાડે છે - સુરેશ જોષી
- પ્રેમ ચંદ્રની કળા જેવો છે, જો એ વધતો નથી તો ઘટવા લાગે છે - શીગર
- આપણે, જે આપણી પ્રશંસા કરે છે તેને જ પ્રેમ કરીએ છીએ આપણે જેની પ્રશંસા કરીએ છીએ તે આપણને ગમતા નથી - રોશફુકો
- સમાજ હોય ત્યાં સમસ્યા તો રહેવાની જ, પણ અનુકૂલન સાધતાં શીખવું જોઇએ, તે કઠિન છે પણ અશક્ય તો નથી જ - મેહબુબ
- સ્વદર્શન એ જ સુદર્શન છે, સુદર્શન ને પ્રદર્શનની જરૂર હોતી નથી - સ્વામી ચૈતન્ય
- સુખ એ કંઇ કોઇ મંઝિલ-લક્ષ્યસ્થાન નથી પણ કોઇ એક દિશાનું નામ છે જ્યાં તમારું મન જ તમને એ દિશા તરફ દોરી જઇ શકે છે - એસ. ભટ્ટાચાર્ય
- લોકશાહી એટલે એવી સહિષ્ણુતા જેમાં જે લોકો આપણા મત સાથે સંમત હોય એવા જ નહીં જે અસંમત હોય તેમને પણ સ્વીકારવાના હોય છે - પં. નહેરૂ

બોધ કથા

આજે આપણી આવક છૂપાવવા કેવા કેવા 'બે-નંબરી' ધંધા કરીએ છીએ. ટેક્ષ ભરવો ન પડે, 'મફત' મળે એના પરિશ્રમ પૂર્વક પ્રયત્નો કરીએ. ટેક્ષ જેટલા પૈસા હિસાબનીશને આપી 'બે-નંબરી' ચોપડા રખાવીએ, ટેક્ષ ભરવો એ રાષ્ટ્રીય જવાબદારી-ફરજ છે.

મહાન જૈન પંડિત ગોપાલદાસજી બરૈયા સત્યનિષ્ઠ-ધર્મનિષ્ઠ મહાજન હતા. તેઓશ્રી પરિવાર સાથે, પોતાના વતન-મધ્યપ્રદેશના 'મોરેના' ગામથી મુંબઇ જતા હતા. ટ્રેન ઊપડી રસ્તામાં ઘર-પરિવારની સામાન્ય વાત ચાલતી હતી, એવામાં એમના પત્ની બોલ્યાં, 'આજે તિથિ પ્રમાણે આપણા પુત્રનો જન્મદિવસ છે.'

ગોપાલદાસજીના કાન ચમક્યા. તરત પૂછ્યું, તો તો આજથી એને 'ચોથું' બેઠું. ગોપાલદાસના ચેહરાનું નૂર ઊડી ગયું, કપાળે કરચલી પડી, આંખ અક્કડ થઇ!

પત્નીએ પૂછ્યું કેમ! શું થયું અચાનક?

ગોપાલદાસજી કહે, આપણે એની ટિકીટ નથી લીધી એ ખોટું કહેવાય.. અને થોડીવારે ટિકીટ ચેકર આવ્યો, ભૂલ કબૂલ કરી માફી માગી અને પુત્રની આખી ટિકીટ લઇ લીધી..

પર્ણોમાં, વૃક્ષોમાં અને વન્ય જીવોમાં ઇશ્વરનો વાસ છે, જરા હાથ લંબાવો તો તમને ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ જશે, કદાચ કજરી એ જ કહેતી હતી

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

આ તરફ ગામના લોકો જંગલ જવાંથી શરૂ થતું હતું ત્યાં વાંસ-ઘાસ અને પતરાં તેમજ લાકડાંની મદદથી વાડા જેવી આડશ ઊભી કરવામાં લાગી ગયા. ગામડાના લોકો આવાં કામ કરવામાં ઘણા હોંશિયાર હોય છે. તેથી જોતજોતામાં ત્યાં એક મોટી આડશ ઊભી થઇ ગઇ. જેમાં વાંસને કાપીને છત બનાવવામાં આવે છે. તેના ઉપર ખજૂરી અને બીજા મોટાં પાંદડાં ગોઠવીને તેને વેલાઓથી બાંધવામાં આવે છે. જરૂર પડે તો વાંસમાં ખીલા મારવામાં આવે છે કે દોરડાથી મજબૂત બાંધવામાં આવે છે. એ રીતે તૈયાર થયેલ છાપરાંની નીચે ઘણાં માણસો અને પ્રાણીઓ ને બચાવી શકાય છે.

આ તરફ લોકો આ કામમાં બરાબર મંડી પડ્યા હતા. તો બીજી તરફ ગામની સ્ત્રીઓ અને બાળકો તેમને મદદ કરતાં હતા. બાળકો નાની નાની ચીજો લઇ આવતા હતા. તો વળી ગામની સ્ત્રીઓ ખાવાનું બનાવી ભાગંભાગ કરતાં પુરૂષોને ખવડાવતી હતી. જુઓ મુસીબતનો સમય કેવો વિકટ હોય છે, ને કેવો વિચિત્ર હોય છે, કારણ કે આવા સમયે જ માણસને માણસની સાચી ઓળખ થાય છે. આ સમય તલવારની ધાર સમાન હોય છે. તેનો સામનો સૌએ સાથે મળીને એક થઇને કરવો પડે છે. સંકટ ખૂબ જ વિકટ અને વિકરાળ હોય હતું. પણ આ લોકોના પ્રયાસો પણ અદ્‌ભૂત અને પ્રામાણિક હતા. આ લોકો જાણે કે પ્રકૃતિ સામે લડવા સજ્જ બની ગયા હતા.

ખેર! આડશ ખુબ મજબૂત અને દૃઢ બની ગઇ હતી. લોકો સૌ ખાવા પીવાનો સામાન લઇને અહીં આવી ગયા હતા. આખું ગામ એક કુટુંબની જેમ આ વિશાળ છાપરાંની નીચે સમાઇ ગયું હતું. તેમનાં પહેલાંના મનદુઃખ, ઝઘડા કે મતભેદ અહીં ક્યાંક દેખાતા ન હતા. કાશ! માનવ મુશ્કેલીના સમયની જેમ જ કાયમ દરેક પરિસ્થિતિમાં આમ જ એક થઇને રહે તો આ સૃષ્ટિ કેવી સુંદર થઇ જાય નહીં!

પછી તો આજુબાજુ ફેલાયેલી અરાજકતા અને કાદવ ઉછાળવાની પ્રવૃત્તિ મટી જાય. તો પછી થોરના કાંટા જેવી વિષમતાઓનો સામનો ખૂબ સારી રીતે થઇ શકે.

ધીમે ધીમે રાત વધતી જતી હતી. છાપરાંની નીચે બેઠેલા લોકો સહેજ ઝોકું ખાઇ લેતા હતા પણ અનિષ્ઠની આશંકા તેમને જગાડી દેતી હતી. હાં બાળકોની દુનિયા જ કંઇક અલગ હોય છે. તેઓ ચિંતા કે આશંકાથી પર હોય છે. તેથી એ બધાં તો પેલી તરફ ખૂણામાં સાદડી ઉપર સૂતાં હતા. કેમ કે, સાંજથી લઇને મોડી રાત સુધીની મહેનતે તેમને થકવી દીધા હતા. તેથી જેને જયાં જગ્યા મળી ત્યાં સુઇ ગયા હતા.

કજરી અને તેના બાપુ પણ ત્યાં આવી ગયા હતા. કજરીને ઊંગ આવતી ન હતી. તે સતત જંગલ દેવને પ્રાર્થના કરતી હતી. કે, ગમે તે કરો પણ ગામનાં સૌને બચાવી લો. હવે પછી એ સૌ એક થઇને જંગલ અને વૃક્ષોને બચાવવા માટે ગામે ગામ ફરીને એક મોટું આંદોલન ચલાવશે. કેમ કે આજે એનાં કારણે જ મુસીબત આવી છે. આખી આફતનું મૂળ અહીં છે.

રાતના છેલ્લા પહોરે એવું લાગ્યું કે જાણે ભૂકંપ આવ્યો. વરસાદ એવો સાંબેલાધાર વરસવા લાગ્યો જાણે બધું એકાકાર થઇ ગયું. ધોધમાર પડતા વરસાદને લીધે નદીમાં પાણી વધતું હતું. પાણીનાં મોજાં ઉછળતાં હતાં. તે ખુબ ભયંકર લાગતાં હતા. નજર કરો ત્યાં સુધી પાણી જ પાણી દેખાતું હતું. બધું જળબંબાકાર થઇ ગયું હતું. એ જોઇને મોત જાણે હાથવેંતમાં હોય એવું લાગતું હતું.

સૂસવાટા મારતો પવન અને તોફાનનું જોર જોઇને એમ થતું હતું કે હવે શું થશે? ભયને કારણે સૌ ફફડી ઉઠ્યાં હતા. શું કરવું, શું ન કરવું તેની દ્વિધામાં સૌ ઘેરાઇ ગયાં હતા. પેલી બાજુ જંગલની નજીકથી પસાર થતી નદીં જોરદાર વરસાદને કારણે ભયંકર રૂપ ધારણ કરી ચૂકી હતી. તેનું પાણી કિનારાઓ તોડીને ઝડપભેર જંગલમાં ઘૂસી રહ્યું હતું. એક તરફ ધોધમાર વરસાદ અને ફૂંકાતો પવન તેમાં બીજી તરફ વધતું નદીનું જળસ્તર જોઇ ગામ લોકોનો જીવન જાણે કે પડીકે બંધાઇ ગયો હતો. જંગલનાં મોટાં મોટાં વૃક્ષો પવનને કારણે ઉખડીને જમીનદોસ્ત થઇ રહ્યાં હતા. મોટા મોટા ઘાસ વચ્ચે થઇને પાણીનો પ્રવાહ એકધારો આગળ વધી રહ્ય હતો. છલાંગ મારતું પાણી ક્યાંક મોટાં વૃક્ષોનાં ઝૂંડની વચ્ચે આવી ફેલાઇને શાંત થઇ જતું હતું. તેનું આક્રમણ અહીં સહજતામાં પરિવર્તન પામતું હતું. પેલી તરફ ઝડપભેર આવતું પાણી ગાઢ જંગલના રસ્તાનું ધોવાણ કરતું હતું. તો પવનથી વૃક્ષો ડોલતાં હતા. પણ તેને કંઇ નુકશાન થતું ન હતું. આ તરફ જંગલમાં બનાવેલ છાપરાની આડશમાં બેઠેલા ગામ લોકો હેરાન-પરેશાન હતા. કેમ કે, ગામ તળેટીમાં હતું. ત્યાં ખુબ જ પાણી ભરાઇ ગયું હતું. ગામ આખું જળબંબાકાર થઇ ગયું હતું. જો ગામ લોકો અહીં આવ્યાં ન હોત તો એ લોકો પણ તણાઇ ગયા હોત. પણ તેમણે મુશ્કેલીના સમયે બુધ્ધિના બળે આ છાપરાં જેવી આડશ ઊભી કરી અને બધા અહીં આવી ગયા.

ભલે ગમે તેવો જોરદાર વરસાદ વરસતો હોય કે મુસીબત આવી હોય તેમાં પણ માણસનું પેટ તો કંઇક માંગે જ છે. તેમાં પણ નાનાં બાળકો અને કિશોરવસ્થા વટાવતાં છોકરાઓ ભૂખ્યાં રહી શકતા નથી. ભૂખ છે જ એવી જે શું નથી કરાવતી?

કજરીને બાપુને કહ્યું કે આપણી ઝૂંપડીમાં સુકાં પાંદડાના બે પોટલાં પડ્યાં છે તેને ગમે તેમ કરીને અહીં લઇ આવીએ, તેને સળગાવીને રોટલા બનાવીએ. તેમની પાસે લોટ, ડુંગળી અને મરચું, મીઠું તો હતું જ. તેથી ત્રણ પથરા મુકી સુકાં પાંદડા અને લાકડાં સળગાવી ચુલો બનાવી દીધો. તેના ઉપર તાવડી મુકી અને રોટલા બનવા લાગ્યા. કજરી બધા ને રોટલાં સાથે ડુંગળી અને મરચું, મીઠું ઉમેરી રોટલા આપવા લાગી. આ રીતે એ લોકોએ બે દિવસ વરસાદમાં ફસાયેલા રહેવું પડ્યું. કોણ જાણે કઇ રીતે આ લોકો મહા મુસીબતને વેઠી પણ એક વાત નક્કી કે જંગલે આવા ભયંકર તોફાન વચ્ચે સૌનું રક્ષણ કર્યું.

કજરી આજે ખુબ ખુશ હતી. કારણ કે ભગવાને સૌ કોઇને મુસીબતમાંથી ઉગારી લીધાં હતા. તેને ખબર હતી કે જંગલ તો માનવ પાસે કંઇ જ માગતું નથી. હાં, એ તો કાયમ આપતું જ રહે છે છતાં આપણે વિકાશનાં નામે જંગલનો વિનાશ શા માટે કરીએ છીએ. શું બીજો કોઇ વિકલ્પ નથી. જેનાથી વિકાસ પણ થાય અને જંગલનો વિનાશ ન થાય.

ખેર! બે દિવસ પછી સરકારી માણસો રાહત અને મદદ માટે ગામમાં આવ્યા હતા. પંદર દિવસે પાણી ધીરે ધીરે ગામમાંથી ઉતર્યું હતું. ગામના લોકો સરકારી મદદ અને પોતાની કુનેહથી ગામની બદત્તર હાલતને સુધારવામાં લાગી ગયા હતા. સૌ કોઇ કામે લાગી ગયા હતા ત્યારે પેલા છાપરાંમાં દસ પંદર સ્ત્રીઓ એક સાથે બધા માટે રોટલા ઘડતી હતી. અને સૌ ગામ લોકો હળીમળીને ખાતા હતા. તેઓ જાણતા હતા કે હજુ આપણે સૌએ સાથે મળીને બાજુના ગામોને પણ ભયંકર દુર્દશામાંથી ઉગારવાનાં છે. તેથી આ કામ તેમને એક થઇને કરવું પડશે. સરકાર તરફથી સહાય મળે પણ તેમનો પુરો સહયોગ હોય એ પણ જરૂરી છે.

આ તરફ જંગલમાં થોડા દિવસ કીચડ થઇ ગયો હતો. પણ પછી બધું બરાબર થઇ ગયું. જયારે એક દિવસ સાંજે ગામ લોકો સરપંચને ઘેર ભેગા થયા તો તેણે કહ્યું કે કજરી અને તેના બાપુનાં કહેવાથી આપણે જંગલનાં ઊંચાણવાળા ભાગમાં છાપરૂં બનાવેલું તેના કારણે જ સૌ બચી ગયા છીએ. ત્યારે કજરીના બાપુએ કહ્યું કે, ના... ના... એમ નથી. મારવાવાળાં કરતાં તારવાવાળો ભગવાન મોટો છે. એ જ જીવન આપે છે તો ક્યારેય ઝૂંટવી પણ લે છે. હાં, આપણે આપણો માનવધર્મ નિભાવવો જોઇએ. જે તમે સૌએ આ વખતે બહુ સારી રીતે નિભાવ્યો છે. માનવતા મરી પરવારવી ન જોઇએ. માનવતા જ એક એવી ચીજ છે. જેના કારણે આકાશ, નદી, નાળાં, તળાવ, વૃક્ષો, છોડવાઓ, બાળકો અને જનજીવન બચી શકે છે. એટલું સમજીએ તો ગમે તેવી મુસીબતને પણ મારી હટાવી શકાય છે.

પેલી તરફ કજરીને સસલાંના બચ્ચાં યાદ આવી ગયા. કોણ જાણે તેની હાલત શું થઇ હશે. વરસાદના કારણે મરી તો ગયાં નહીં ‘હોય ને? તેથી કજરી મોટી મોટી ડાફો ભરતી જંગલમાં ચાલી નીકળી. કજરી અને તેનું જંગલ જાણે કે સાંજમાં વિલિન થઇ રહ્યું હતું. આજુબાજુનાં પરસ્પર, વૃક્ષો કજરીના આ તડપને લયબધ્ધ રીતે જાણે કે કંઇક કહી રહ્યાં હતા. હાં અમે સૌ સાંભળતા હતા. શું તમે સાંભળ્યું કે એ લોકો શું કહે છે. તે કહે છે કે, પર્ણોમાં, વૃક્ષોમાં અને વન્ય જીવોમાં ઇશ્વરનો વાસ છે. જરા હાથ લંબાવો તો તમને ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ જશે. કદાચ કજરી એ જ કહેતી હતી. જુઓ પથ્થરની પાછળ સંતાઇને હસતી એ એવું જ કંઇક કરી રહી છે.

(સંપૂર્ણ)

- vanvihari@gmail.com

ઝૂમી ઉઠી સૃષ્ટી જોને આ વરસાદમાં, ઝૂમશે મારી સાથે તે આ વરસાદમાં કાગડો થશે છત્રીઓ આ વરસાદમાં, પલળશે મારી સાથે તે આ વરસાદમાં

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

બારમાંથી ચાર બાદ કરીએ તો બાકી શૂન્ય વધે, આવો જવાબ ચતુર બીરબલે દરબારમાં એક વિદ્વાનનાં પ્રશ્નને આપ્યો અને બાદશાહની શાબાશી મેળવી. વર્ષમાં બાર મહિનામાંથી વરસાદનાં ચાર મહિના બાદ કરીએ તો સારી જીવનસૃષ્ટીનો આધાર નહીવત થશે એવી વસ્તુ સ્થિતિનો ખ્યાલ બીરબલે આપેલો... આ જીવનદાયી, સર્જનશીલ પર્જન્યરાની તરફ સૌ મીટ માંડીને બેઠેલાં હોય છે. વાદળાં કાળાં થઇને ભરાઇ આવ્યાં છે અને હમણાં વરસાદ પડશે એવું ઉપર જોઇ સૌ કહેતાં હોય છે, પણ પેલાં વાદળાંયે રાજકારણીની જેમ વાયદો કરી વરસ્યા વગર જ ભાગી જાય છે!!

ક્યારેક વરસાદનું એકાદું ઝાપટું પડે એટલે છત્રી ખોલીએ તો છત્રીએ માંડ ભીની થાય એવું બને છે. ક્યારેક ‘રીમઝીમ ગીરે સાવન’ જેવો વરસે તો ક્યારેક ‘બરખા રાની જરા ઝમકે બરસો’ જેવોય મંડાઇ જાય, ત્યારે ક્યારેક વરસાદનું તાંડવ જોઇ પ્રેમીઓ એમ પણ કહે “મેઘા રે મેઘા રે મત પરદેશ જા રે, આજ તું પ્રેમ કા સંદેશ બરસા રે...” ક્યારે વીજળીના તાલે, વાદળોનાં નાદ પર “બરસો રે મેઘા, મેઘા, બરસો રે મેઘા” ની ઝડી પણ વરસાવે!!

વરસાદ એટલે આપણો બાળપણનો જ મિત્ર, ચોમાસામાં ઘરનાની નજર ચૂકવીને છત્રી લીધા વગર જ સ્કૂલમાં જવું, મરવાં ભાગવું, મિત્રો સાથે મન મુકીને પલળવું, રસ્તા પર કે સાઇડમાં ભેગાં થયેલાં પાણીમાં પથરો ફેંકી એમાં બનતાં કુંડાળા જોવાનાં, કાગળની હોડી બનાવી સ્પર્ધા કરવાની, રસ્તા પરનાં પાણીમાં પેટ્રોલનાં ટીપા નાંખી તેમાથી બનતાં રંગબેરંગી રંગોને માણવાનાં, ભીની માટીનાં ઘર બનાવવાનાં, ઘોચમણી રમતાં - રમતાં દૂર સુધી નીકળી જવાનું, કેરીની ગોટલીઓ શેકીને ખાવાની...

ધીમે ધીમે જિંદગીમાં ચોમાસાંની સંખ્યા વધતી જાય છે અને માણસ સ્વપ્નામાંથી રસ્તા પર આવી જાય છે. ઘર-સંસાર-નોકરી, સારી વસ્તુઓનાં લોભથી વરસાદની છાલક અડતી નથી... રસ્તા પરનું ચોમાસું ગેલેરીમાં ખુરશીમાં બેસી ગરમ કૉફી-ગોટા સાથે પુસ્તકનાં વાંચનમાં પલટાઇ જાય છે, બાલીશતા હવે બુઢાપામાં ફેરવાઇ જાય છે એટલે જ જવાન રહેવું હોય તો પહેલાં વરસાદમાં કે એકાદા ધોધમાર વરસાદમાં ખાલી - ખાલી એકાદ કિલોમીટર આવજો, જવાની પાછી આવી જશે!!

વરસાદ અને છત્રીનોય અતૂટ નાતો છે. પહેલાં તો કાળી અને લોખંડના સળીયાવાળી ભારેખમ છત્રીઓ આવતી, વરસાદેય ભારેખમ જ રહેતા ને? કમરથી ઉપરનો ભાગ કોરો રાખવામાં એ મદદરૂપ થતી. લેડીઝ છત્રી એટલે ખાલી માથે છત્રી છે એટલું જ સમાધાન બાકી નાનકડી છત્રી તમને કેટલું બચાવી શકે? બાજુમાંથી મોટી છત્રીવાળા ભાઇ નીકળે તો એની છત્રીમાંથી

ટપકતાં પાણીથી જ અરધું તો પલળી જવાય... અત્યારે તો રંગબેરંગી ચાઇના છત્રીઓ વાતાવરણને કલરફુલ બનાવે છે, સ્કૂલ છૂટ્યા બાદ રંગીન રેઇનકોટ અને એમની મમ્મીઓની ફેન્સી છત્રીઓ એટલે લીલાંછમ્મ બાગમાં ફૂલોની ફુલવાડી જ જોઇ લ્યો!!

ચોમાસામાં જો કોઇ હમઉમ્ર હમસફર મળી જાય તો જવાની ઔર ખીલી ઊઠે, અમારો એક મિત્ર બારમામાં ભણતો ટ્યુશને જાય અને એક દિવસ વરસાદ ખોફનાક તૂટી પડયો. કલાસમાં જોડે આવતી સુંદર છોકરીએ પલળેલાં પેલા ભાઇના વાળ કોરાં કરી આપ્યાં અને એમાંથી રોમાંચિત થયેલો મિત્ર પ્રેમમાં પડી ગયો, નાતજાતનાં બંધનો આડા આવતાં લગ્નનો અંજામ તો ના મળ્યો અને છોકરી પણ પર પ્રાંતમાં જઇ વસી ગઇ, પ્રેમની ચાહતમાં આ ભાઇનું મગજ થોડું અસ્થિર થઇ ગયું છે, સામાન્ય સંજોગોમાં વ્યવસ્થિત રહેતા આ ભાઇ હજી પણ વરસાદમાં એકાદ વખત સંતુલન ગુમાવી બેસે છે!!

અમદાવાદ એલ.ડી. આર્ટસની એક વિદ્યાર્થીની વરસતાં વરસાદમાં ગાંધીનગર બસની રાહ જોતી લેડીઝ છત્રીમાં જેમ તેમ ઊભી હતી.

ગાંધીનગરનો એક યુવાને આને જોઇ એની બાઇકને બ્રેક મારી લીફ્ટ આપવાની ઑફર કરી, શરૂઆતની આનાકાની બાદ તે યુવતી તૈયાર થઇ ગઇ, વરસતો વરસાદ, યુવા હૈયાઓ, બાઇકની સવારી, બધું જ પ્રણય કરવાં પરફેક્ટ હતું અને બન્યું ય એવું જ કંઇક. એક કલાકની મુસાફરી જિંદગી સાથે જીવવાનાં કૉલ સાથે છૂટી પડી... બે ચાર બચ્ચાંના મા-બાપ પણ બની ગયા... છતાંય આજ વરસાદ જો એનાં રગમાં આવે તો પોતાનાં પ્રેમની નિશાની જેવી બાઇક પર સવાર થઇ ફરવા નીકળી પડે છે!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

સંસ્કૃતિના પતનમાં વાલીઓ પણ જવાબદાર છે...

જરા વિચારો...
- પોપટલાલ પ્રજાપતિ

ખામોશ હૈ ઇન્સાનિયત કિ સમાજ બદલા હૈ
રોતે હૈં ગીત, ક્યોંકિ સાજ બદલા હૈ
બુઝુર્ગોંકી ખામોશી કહતી હૈ મગર
ઇન્સાન વહી હૈ, સિર્ફ જીને કા અંદાજ બદલા હૈ

●●●

લેટેસ્ટ સમાચાર “સી. ઓફ” પાર્ટીમાં પીધેલી હાલતમાં ડી.જે. તાલ પર નાચતાં અમીરજાતા અને અમીરજાતાઓની ધરપકડ - અગાઉ સરિતા ઉદ્યાન પાસે પીધેલી હાલતમાં ગાડી ચલાવતા યુવાનોએ હવામાં ગોળીબારો કર્યા, એકાદ વર્ષ અગાઉ પીધેલી હાલતમાં વાન ચલાવતાં યુવાને સરકારી કર્મચારીને હડફેટે લીધો અને મોત નીપજાવ્યું. સર્વત્ર ફરિયાદ છે. યુવાની બેકાબુ બનતી જાય છે. વડીલો કકળાટ કરે છે, સંસ્કૃતિનું નિકંદન નીકળી રહ્યું છે. મોઢામાંથી દુર્ગંધ મારતી યુવાની રેવપાર્ટી, વેલેન્ટાઇન ડે, બંગલ ઇન ધ જંગલ, સી. ઓફ પાર્ટી વિગેરે નવા નવા લેબલ સાથે મસ્તીમાં ઝૂમી રહી છે. ચાલો માની લઇએ કે જવાની દીવાની છે. યુવાની ખોટે માર્ગે છે, તેઓ નિરંકુશ બનતાં જાય છે, પણ આમાં ફક્ત યુવાની જ દોષિત છે? કે પછી ધનની પાછળ આંધળી દોટ મુકતા કે ટેબલ નીચેથી કમાઇથી ધરાઇ ગયેલાં અથવા વગર પરસેવે વડીલોની કૃપાથી રાતોરાત કરોડપતિ બની ગયેલા વડીલો કંઇક અંશે જવાબદાર છે?

ઘણીવાર દીકરા કે દીકરીઓનાં પરાક્રમની ચોરે ને ચૌટે ચર્ચા થતી હોય પણ આ બાબત પ્રત્યે આંખ આડા કામ કરી બદનામી થવાની બીકે ચુપ રહેતા માબાપ બાળકોના બગડતા ચારિત્ર્ય માટે સંપૂર્ણપણે જવાબદાર છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. બાળક ક્યાં જાય છે? તેનું મિત્ર વર્તુળ કેવું છે? તે રાત્રે રોજ મોડો આવે છે તો ક્યાં જાય છે? તેનું મિત્રવર્તુળ કેવું છે? તે રાત્રે રોજ મોડો આવે છે તો ક્યાં જાય છે? તેને કેવા પ્રકારની ટેવો કે ક્રુટેવો છે? કોલેજમાં તેની ઇમ્પ્રેશન કેવી છે? તેને ગર્લફ્રેન્ડ છે કે કેમ? આ ગર્લફ્રેન્ડ કેવા પરિવારમાંથી આવે છે? આ વિશે આપણે ક્યારેય તપાસ કરતાં નથી કે કરવાની ફુરસદ નથી. આપણને ગમે ત્યાંથી ધન ભેગું કરવામાં જ રસ રહ્યો છે. આપણે એવું માની બેઠા છીએ કે જીવનમાં ધન છે તો બધું જ છે. સમૃધ્ધિના શિખર પાછળ બધા જ દુર્ગુણો ઢંકાઇ જાય છે. ભગવાને આપ્યું છે તો દીકરા ભલેને જલસા કરે? પાંચ પેઠી સુધી ખુટે તેવું નથી. તેને શું કરવા મહેનત કરવી પડે? આ પ્રકારની માનસિકતા બાળકોના જીવન ઘડતરમાં અંતરાયરૂપ બને છે. ધનથી કદાચ મોભો મળે કે કૃત્રિમ ઇજ્જત પ્રાપ્ત કરી શકાય પણ ખાનદાની મેળવવા તો પ્રયત્નો કરવા પડે. બાળકોને સહજ અને અનાયાસે મળતું સુખ ક્યારેક એમને છાટકા બનાવી દે છે. યાદ રહે પરિશ્રમ વગરની સંપત્તિ કે પાછલા દરવાજે આવેલી દૌલત વ્યક્તિત્વને ગમે ત્યારે ઝાંખપ લગાડ્યા સિવાય રહેતી નથી. પાછલા દરવાજે આવેલી સંપત્તિ પાછલા દરવાજે દુર્ગુણો પણ લઇને આવે છે. એની મતિમાં તે વિકારો પેદા કરે જ... પછી ફ્રીજમાં મુકેલી બાટલીઓ પણ તેને નાની લાગે અને મોટા બાટલા આવતા જાય, એના રૂપરંગ બદલાતા જાય. પછી એને ૩૦૦ વાળા ગોગલ્સ ન ગમે, ૩૦, ૦૦૦ વાળા ગોગલ્સ જોઇએ, અને આ ગોગલ્સ પહેર્યા પછી નજર બદલાય. અને નજર બદલાય પછી બધુ જ બદલાવા લાગે... એક વખતના સુખી અને સંસ્કારી ગણાતા પરિવારના બાળકો છાપે ચઢે, એમાં ક્યાંક ને ક્યાંક વાંક વડીલોનો ખરો કે નહીં? ફક્ત તમારે આત્મમંથન કરવું પડશે. પરિવારમાં ક્યારેય કોઇએ શરાબનો સ્પર્શ ન કર્યો હોય એનો દીકરો રાત્રે પીધેલી હાલતમાં આવે તો આ માટે જવાબદાર કોણ? ક્યારેક મોટા પરિવારોમાં બાપ-દીકરો સાથે બેસીને છાંટો પાણી કરી લેતાં હોય તેમને શો અધિકાર છે ફરિયાદ કરવાનો કે યુવાની બગડતી જાય છે? કેટલાંક મા-બાપ દીકરાની અવળચંડાઇ કે ચારિત્ર્ય વિશે જાણતા હોવા છતાં લગ્ન કર્યા પછી સુધરી જશે એવી અપેક્ષા રાખી બીજી દીકરીનો ભવ બગાડે તે પણ કેટલું વ્યાજબી ગણાય? ઘણીવાર આધુનિકતાના નામે ઘરમાં થતાં દુર્વ્યવહારો ચર્ચાઓની અસર બાળકો પર થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૮મી જુલાઇ

- બહુવિધ જ્ઞાની અમૃતલાલ વસંતરાય પંડ્યાની પુણ્યતિથિ - ૧૯૭૫.

જામનગરમાં જન્મેલાં આ સાહિત્યકારે હિન્દી-અંગ્રેજી-ગુજરાતીમાં કલમ ચલાવી હતી.

- ૧૯૧૪માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ઇંગ્લેન્ડ જવા રવાના થયા.

- દક્ષિણ આફ્રિકાના ગાંધી નેલ્સન મંડેલાનો જન્મદિન. ૧૮-૭-૧૯૧૮.

રંગભેદનો શાંતિપૂર્વક અંત લાવવાના પ્રયત્નો માટે ફ્રેડરીક ડી. ક્લાર્કની સાથે નોબેલ પારિતોષિક એનાયત કરાયો. ભારત સરકારે ‘ભારત રત્ન’ એવોર્ડ આપીને તેમનું યોગ્ય સન્માન કર્યું.

- ૧૯૪૭માં ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર



ડેનિસ લીલીનો જન્મ.

- મર્સી ટનલ - લિવરપુલમાં દરિયાના તળે સૌથી મોટું બોગદું ખુલ્લું મુકાયું - ૧૯૩૪.